ગાંધીનગર સમાચાર

તા. ૧૧-૪-૨૦૧૫, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### ચંદનચોરીના બદનસીબ શહીદો

આંધ્રપ્રદેશ અને તામિલનાડુની સરહદ પર આવેલા ગાઢ જંગલમાં ચંદનવૃક્ષોની દાણચોરી એ રોજિંદી ઘટના બની ગયેલ છે. રક્તચંદન નામે ઓળખાતા આ પવિત્ર લાકડાની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં ઘણી ઊંચી છે. એનો ઉપયોગ વિવિધ પ્રકારનાં સૌંદર્ય પ્રસાધનો ઉપરાંત એના શીતળતાના ગુણને લીધે પ્લુટોનિયમના જથ્થાને ઠંડો રાખવામાં થતો હોવાનું પણ બહાર આવ્યું છે. ભારતમાં દક્ષિણની ગિરિમાળામાં ચંદનવૃક્ષનું પિયર છે. અહીં તે સ્વાભાવિક રીતે જ ઊગે છે. માણસ એના સ્વાર્થ ખાતર પ્રકૃતિનું દોહન કરતો આવ્યો છે. એ મુજબ આ પવિત્ર વૃક્ષને પણ એની ક્રૂરતાનો ભોગ બનવું પડ્યું છે. વીરપ્પનનું નામ ચંદનચોરીના આંતરરાષ્ટ્રીય કારોબારી તરીકે ચમક્યું હતું. જંગલમાં વીરપ્પનનું આગવું રજવાડું ચાલતું હતું અને એની સામે રાજ્ય સરકાર કે કેન્દ્રની સત્તાનું પણ કશું ઊપજતું નહોતું. આખરે એના દિવસો ભરાઇ ગયા અને તે ઠાર મરાયો. પરંતુ વીરપ્પનના મૃત્યુ પછી પણ ચંદનચોરીનું આંતરરાષ્ટ્રીય કૌભાંડ તો ચાલુ જ રહ્યું. તાજેતરમાં આંધ્ર પ્રદેશની પોલીસે ક્ત્તૂિરનાં જંગલોમાં વીસ ચંદનચોરોનાં ઢીમ ઢાળી દીધાં તે ઘટના ઘણી વિવાદાસ્પદ બની ગઇ છે. પોલીસે એમનું 'એન્કાઉન્ટર' કર્યું અને જશ લેવાની કોશિશ કરી, પરંતુ હકીકત કંઇક જુદી જ નીકળી. ચંદનવૃક્ષો કાપી રહેલ એ લોકો તો પેટનો ખાડો પૂરવા કાળી મજૂરી કરનારા તમિળ મજદૂરો હતા. અસલી ચંદન માફિયા તો ક્યાંક કોઇ મહાનગરમાં બેઠો બેઠો એનો વેપાર કરતો હશે અને આ નવાણિયા કુટાઇ મર્યા. માનવ અધિકાર પંચે આ મુદ્દે સક્રિયતા દાખવતાં કેન્દ્રના ગૃહખાતાએ પણ આંધ્રપ્રદેશ સરકાર પાસેથી આખી ઘટનાનો રિપોર્ટ માગ્યો છે. તમિલનાડુ સરકારે મરનાર મજૂર દીઠ ત્રણ ત્રણ લાખનું વળતર જાહેર કર્યું છે. નિઃશસ્ત્ર મજૂરોએ એમનો જીવ ગુમાવ્યો છે. પોલીસ એમને 'ચંદનચોર' નું લેબલ લગાડવા મથી રહી છે, પરંતુ અસલી ગુનેગાર સુધી તો એનું પગેરું પહોંચતું જ નથી! શું આ મજૂરોની ધરપકડ ન કરી શકાઇ હોત? જો એમ થયું હોત તો કદાચ ખરા ગુનેગાર સુધી પહોંચી શકાયું હોત, પણ ચંદન માફિયા તો નેતાઓને કે પોલીસને પણ ગજવે ઘાલીને ફરતા હોય ત્યાં એમને પકડવા કોણ નવરું હોય!

## હરિની દૃષ્ટિ...




તમે તાજો રસ એવું અહી લખો છો... એટલે અમે માની જાઈ છીએ... બાકી તો માનવાનું કારણ નથી...!!

## પક્ષી બચાવવા પાણીના કુંડાનું વિતરણ કરાશે

આગ ઝરતી ગરમીમાં મનુષ્ય પાણી વગર રહી શકતો નથી, તો અબોલા પક્ષીઓ કેવી રીતે રહી શકે અને એમની વ્યથા કોને જણાવે? પક્ષીઓને ઉનાળાનાં ધગ ધગતા તડકામાં પાણી મળી રહે અને તેમની તરસ છીપાવી શકે તેવા ઉમદા હેતુથી હ્યુમન ફાઉન્ડેશન દ્વારા સતત પાંચમા વર્ષે પક્ષીઓને પાણી પીવડાવવા માટેના કુંડાનું વિના મુલ્યે વિતરણ કરવામાં આવશે. તા. ૧૧-૪-૨૦૧૫ શનિવાર ને તા. ૧૨-૪-૨૦૧૫ રવિવારના રોજ પ્લોટ નં. ૫૨૫/૨, નંદનવન સોસાયટી, ઘ-૬ કોર્નર નજીક, સે-૨૨ ખાતેથી વહેલા તે પહેલાના ધોરણે કુંડા વિતરણનો કાર્યક્રમ યોજાશે.

દર વર્ષે ગરમીમાં હજારો પક્ષીઓ પાણી વગર મરી જાય છે. જે અટકાવવા માટે સેવાના આ ઉમદા કાર્યમાં જોડાઈ પક્ષીઓને પાણી પુરું પાડવાના કાર્યમાં સહભાગી બનવા નગરની જનતાને સહયોગ આપવા હ્યુમન ફાઉન્ડેશને જણાવ્યું છે.

## અભ્યાસમાં ધ્યાન કેળવવા માટે સલામત અને સમતોલ ભોજન આવશ્યક

### કેલોરક્સ પબ્લિક સ્કૂલ, ઘાટલોડીયા દ્વારા 'તંદુરસ્ત બાળક તંદુરસ્ત શિક્ષણ' વિષયે પ્રવચનનું આયોજન

ગાંધીનગર, તા. ૧૦

બિનતંદુરસ્ત આહાર માણસના આરોગ્ય માટે કઈ રીતે ભારે જોખમી બની શકે તે અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવા કેલોરક્સ પબ્લિક સ્કૂલ, ગાંધીનગર દ્વારા એપોલો હૉસ્પિટલ્સ, ગાંધીનગરના ડાએટિસિયન, ડૉ. નૂપુર જૈને પ્રવચનનુ આયોજન 'તંદુરસ્ત બાળક તંદુરસ્ત શિક્ષણપ્' વિષયે શહેર સંકુલમાં યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ વિશ્વ આરોગ્ય દિન મનાવવાના ભાગ તરીકે યોજવામાં આવ્યો હતો. ડૉ. અરૂણ સકસેનાના આ વિષય અંગે વાત કરતાં એપોલો હૉસ્પિટલ્સ, ગાંધીનગરના ડૉ. નૂપુર જૈને જણાવ્યું હતું કે ''તંદુરસ્ત મગજ બાળકોને ખૂબ જ કાર્યક્ષમ રીતે અભ્યાસમાં ધ્યાન કેળવવામાં સહાયરૂપ બને છે. મગજની તંદુરસ્તીની ખાત્રી માટે બાળકોએ યોગ્ય સમયે યોગ્ય પ્રકારનો અને યોગ્ય જથ્થામાં આહાર લેવો જોઈએ. ખાંડ એ મગજ માટે ઉત્તમ પ્રકારનું બળતણ છે, પણ વધુ પડતી ખાંડ લેવાથી બ્લડ સુગર વધી જાય છે અને પરિણામે હાયપરએક્ટિવીટીનો ભોગ બનવું પડે છે. આ કારણે બાળકોએ ફાસ્ટફૂડનો વપરાશ ટાળવો જોઈએ અથવા તો ખૂબ જ ઓછો કરવો જોઈએ. જો આવું નહીં થઈ શકે તો હાયપર એક્ટિવીટીનો કારણે તેઓ અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત કરી શકશે નહીં. સમાન પ્રકારે અવારનવાર થોડાક ખોરાક લેતાં રહેવું તે સારી ટેવ છે. તેનાથી ઉર્જાનું સ્તર જળવાઈ રહે છે.''



ડોકટરે એ બાબત ઉપર ખાસ ધ્યાન દોર્યું હતું કે નુકસાનકારક બેકટેરીયા, વાયરસ, પરોપજીવી જીવો અને રાસાયણિક તત્વો ધરાવતા આહાર ૨૦૦થી વધુ રોગનુ કારણ બને છે અને આ કારણે વાર્ષિક ૨૦ લાખ લોકો અને ખાસ કરીને બાળકો મોતનો ભાગ બને છે.

## ગાંધીનગરની મહિલાઓ માટે સમર કેમ્પ ફોર મોમ્સ કાર્નિવલ યોજાશે

ગાંધીનગર, તા.૧૦

સહજાનંદ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમર કેમ્પ ફોર મોમ્સ યોજવામાં આવશે. ગાંધીનગરમાં પ્રથમ વખત યોજાઈ રહેલ લેડીઝ કાર્નિવલમાં વિવિધ પ્રકારની માહિતી પુરી પાડવામાં આવશે.

સહજાનંદ સ્કુલ ઓફ એચિવર દ્વારા બાળકોની શિક્ષણ થકી સંભાળ રાખવામાં આવે છે. હવે બાળકોના ઘડતરના પાયામાં 'મા'ની ભૂમિકા મુખ્ય હોય છે. ત્યારે સહજાનંદ ચેરીટેબલ ટ્રસ્ટ નગરની મહિલાઓ માટે સમર કેમ્પ ફોર મોમ્સ કાર્યક્રમ યોજશે.

જેમાં મહિલાઓને વિવિધ હેર સ્ટાઈલ, બ્યુટી ટીપ્સ, કુકીંગ, હેલ્થ તેમ કુકીંગમાં મોકટેલ, સલાડ, ઓવન વિના બેકીંગ સ્લીમીંગ ટીપ્સ અને આહારને લગતી માહિતી આપવામાં આવશે. આગામી ૧૬ એપ્રિલ બપોરે ૧૨થી ૨ દરમિયાન યોજાનાર કાર્યક્રમનું રજીસ્ટ્રેશન તા. ૧૦ એપ્રિલથી ૧૫ એપ્રિલ દરમિયાન કરવામાં આવશે. કાર્નિવલમાં ઉપસ્થિત રહેનાર મહિલાઓને ટ્રાન્સપોર્ટ સુવિધા મફત આપવામાં આવશે. વધુ વિગત માટે ૭૦૪૩૬૦૬૦૬૦૫ પર સંપર્ક કરવા જણાવાયું છે.

### ડૉ. બાબાસાહેબ આંબેડકર જીવન સંદેશ પર નિબંધ સ્પર્ધા યોજાશે

મૂળ નિવાસી સંઘ દ્વારા ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે તેમના જીવન સંદેશ ઉપર નિબંધ સ્પર્ધા યોજાશે. સ્પર્ધામાં પ્રથમ ત્રણ વિજેતા ઉમેદવારોને ૨૦૦૦ રૂપિયા સુધીના રોકડ પુરસ્કાર તથા ભાગ લેનાર દરેકને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે નિબંધ લખીને તા.૧૮મી એપ્રિલ પહેલા વિપુલ સામંત પ્લોટ ૮૫૭/૧ સે-૭-સી, કિરીટ પરમાર પ્લોટ ૧૫૦/૧, સે-૪-એ બાબુલાલ પરમાર બ્લોક ડી-૭/૩, જીઈબી કોલોની, રોહિત સુતરીયા ૫૯૦/૨, સે-૪-સી, મીનાબેન મકવાણા પ્લોટ ૧૫૮૦/૧, સે-૨-સી, શૌરિન વાલા પ્લોટ ૬૫૦/૨, સે-૧૩-એ ગાંધીનગરને મોકલી આપવા જણાવ્યું છે.

## આજે ભીતરનો વલોપાત કાવ્ય સંગ્રહનું વિમોચન

ગાંધીનગર, તા. ૧૦

અનુસૂચિતજાતિ એક્તા મંચ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર અને જ્યોતિરાવ ફૂલેની સંયુક્ત જન્મ દિવસ મનાવવામાં આવશે. જન્મજયંતિ નિમિત્તે નગરના જાણીતા સમાજસેવી સોમ વાઘેલા રચિત 'ભીતરનો વાલોપાત' કાવ્ય સંગ્રહનું વિમોચન કરવામાં આવશે. વિમોચન આજરોજ શનિવાર બપોરે ૨.૩૦ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે દલિત કવિ પ્રવિણ ગઢવીની અધ્યક્ષતામા કરવામાં આવશે. આ પ્રસંગે નીરવ પટેલ, ડૉ. નીતિન ગુર્જર, ચંદુ મહેરિયા, રમણ વાઘેલા, સાહિલ પરમાર, અનિલ વાઘેલા, નારણ વાઘેલા ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં સાહિત્યકારો નગરજનોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## ગુજરાતની અસ્મિતાનો અવાજ એટલે હેમુ ગઢવી

### લોક સાહિત્યનો અમર કંઠ - હેમુ ગઢવી

**પ્રસંગસર**

૧૯૬૫ના વર્ષની ૨૦ ઓગષ્ટની જન્માષ્ટમીની રાતે ગુજરાતના લોકસંગીતને રાંક બનાવી દીધું. જેમનો કંઠ ગુજરાતના લોકજીવનમાં આજે પણ એટલો જ પ્રભાવી બનીને સચવાઈ રહ્યો છે. તેવા અમર લોકગાયક હેમુ ગઢવીના અવસાનને જોતજોતામાં ૫૦ વર્ષ વીતી જશે પરંતુ તેનો અષાઢી કંઠ આજે પણ એટલો જ જીવંત અને લોકપ્રિય બની રહ્યો છે.

સુરેન્દ્રનગર જિલ્લાનાં ઢાંકણીયા ગામે જન્મેલા આ દેવીપુત્ર હેમુ ગઢવી જ્યારે એમની ગાયકીનો મધ્યાહન તપતો હતો ત્યારે એટલે કે ભરયુવાનીમાં એટલે કે આયુષ્યનાં ૩૬મા વર્ષે જ આપણી વચ્ચેથી કાયમ માટે ચાલ્યા ગયા. મને બરાબર યાદ છે ૨૦મી ઓગષ્ટની મોડી રાત્રે જ્યારે હેમુ ગઢવી પડધરી ખાતે સૂરને રમાડતા રમાડતા જ અચાનક હૃદયરોગનાં હુમલાનો ભોગ બન્યા અને સ્વર્ગસ્થ બની ગયા અને બીજા દિવસે સવારના આકાશવાણી રાજકોટ પરથી સતત તેમના મૃત્યુના દુઃખદ સમાચાર જ્યાં જ્યાં રેડીયો હતો તેવા નાના મોટા તમામ ગામોમાં સમાચાર સાંભળીને પોતાનું કુટુંબનું જ કોઈ સ્વજન ગુમાવ્યું હોય એ પ્રમાણે જનસામાન્યએ આઘાત અનુભવેલો. મારી ઉંમર કેવળ ૧૧ વર્ષની હતી પરંતુ આવા આઘાતને અનુભવનાર હું પણ એમાંનો એક હતો. કેટલાંક ગામોમાં બહેનોએ પોતાના ચુલા પણ પ્રગટાવેલા નહી. લોકસંગીતનાં આ અમર ગાયકના કંઠે એવું ઘેલું લગાડેલું તેનો અંદાજ તેના મૃત્યુ પછી વધારે આવ્યો.



૧૯૫૫માં આકાશવાણી રાજકોટ શરૂ થયું અને શ્રી ગીજુભાઈ વ્યાસને (નાટ્યકાર સનત વ્યાસના પિતાશ્રી) પ્રથમ ડિરેક્ટર માસ્ટર તરીકે મુકવામાં આવ્યા અને તરત જ એટલે કે ૧૯૫૬ના મે મહિનામાં શ્રી હેમુભાઈ આકાશવાણી રાજકોટ સાથે જોડાયેલા. એટલે કે લગભગ ૧૦ વર્ષના ટુંકા સમયમાં જ આકાશવાણી રાજકોટને હેમુભાઈ અને ગીજુભાઈએ સાથે મળીને એક અલગ ઓળખ અને ઉંચાઈ અપાવી. ગીજુભાઈ પછી શ્રી ચંદ્રકાંતભાઈ ભટ્ટ દ્વારા આકાશવાણી રાજકોટની આ વિકાસ યાત્રા ખૂબ જ સરસ રીતે આગળ વધી. સ્વર્ગસ્થ હેમુભાઈ ગઢવી લોકગીતો, ભજનો રેડીયા રૂપક અને નાટકો જેવી બધી જ વિદ્યાઓમાં અસાધારણ યોગદાન આપ્યું.

હું મારી જાતને ખુબ ખુશનસીબ સમજું છે કે રાજ્યનાં યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગનો મંત્રી હતો ત્યારે રાજકોટ ખાતે નવનિર્માણ પામેલ કલાભવનને નામ આપવાનું હતુ ત્યારે જે તે સમયનાં મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ પટેલ, રાજકોટનાં જ કલાપ્રેમી અને મંત્રી શ્રી વજુભાઈ વાળા સહિત બધાએ એકી અવાજે રાજકોટના એ કલાભવનને હેમુ ગઢવી નાટ્યગૃહ નામ આપવાનું સ્વીકાર્યું અને રાજ્ય સરકારે આ બધાની ઉપસ્થિતિમાં તા. ૧૧-૮-૧૯૯૮ના રોજ આ હેમુ ગઢવી નાટ્યગૃહને લોકાર્પિત કરેલું. એ સમયે મારો પ્રયાસ રહેલો કે આ નાટ્યગૃહના લોકાર્પણનાં દિવસે તે સમયનાં રાજકોટનાં સ્ટેશન ડાયરેક્ટર અને આ પછી આકાશવાણી અખીલ ભારતીય ડાયરેક્ટર શ્રી ગીજુભાઈ વ્યાસને ઉપસ્થિત રાખવા. તેઓ ખુબ જ સ્નેહપૂર્વક આમંત્રણ સ્વીકારીને પધારેલા. હેમુભાઈની સાથે રેડીયો નાટીકામાં અને અન્ય કાર્યક્રમોમાં કંઠ આપનાર શ્રીમતિ દિનાબેન ગાંધર્વને તેમના દિલ્હીના નિવાસસ્થાને ફોન કરીને આપવા નિમંત્રણ આપેલું તેઓ ફાલસી પેરમ તાવમાં પટકાયેલા હોયને નહી આવી શકેલા. છેલ્લાં ૫૦ વર્ષથી એમની પ્રત્યેક પૂર્ણય તિથિએ હેમુ ગઢવી સ્મૃતિ સંસ્થાન ટ્રસ્ટ તરફથી અલગ અલગ સ્થાનોએ લોકસંગીતના કાર્યક્રમો થાય છે. તેમાંના કેટલાંય કાર્યક્રમો માણવાનો મને અવસર મળ્યો છે. ભાવનગરમાં તો આયોજન કરવાની પણ તક મળેલ. તેમની પૂણ્ય તિથિનો આ કાર્યક્રમ ગામડામાં હોય કે શહેરમાં ૨૦ મી ઓગષ્ટ ગુજરાતના બધા કલાકારો પહેલેથી જ બીજો કોઈ કાર્યક્રમ સ્વીકારતા નથી તેમને માત્ર સ્થળની જ જાણકારી કરવામાં આવે તેમાં આપણા બધા જ લોકસંગીતનાં કલાકાર ભાઈ બહેનો ઉત્સાહપૂર્વક આવીને પોતાની પ્રસ્તુતિ રજુ કરે તેનાથી જ પ્રતિતિ થાય છે કે એક ગાયક અને તેનો કંઠ મૃત્યુના આટલા વર્ષો પછી પણ કેટલો જીવંત રહ્યો છે. હું પૂર્ણ તિથિનાં એવા કાર્યક્રમોનો પણ સાક્ષી છુ કે સવાર સુધી ચાલેલા કાર્યક્રમમાં પણ કેટલાંક કલાકારોની પ્રસ્તુતિનો વારો ન આવ્યો હોય. શ્રી હેમુ ગઢવી સ્મૃતિ સંસ્થાન ટ્રસ્ટ દ્વારા સમગ્ર રાજ્યમાં આ જયંતિ નિમિત્તે કાર્યક્રમો યોજાવાના છે. આજે તા. ૧૧-૪-૨૦૧૫ શનિવારના રોજ ગાંધીનગરમાં પણ રાત્રે ૮.૦૦ કલાકે પથિકાશ્રમનાં પાર્ટી પ્લોટમાં યોજાનાર છે. આ પાર્ટીપ્લોટમાં સ્વર્ગસ્થ હેમુ ગઢવીના એ અમર કંઠને ફરી રસ ભરીને માણીએ.

અને કવિ દાદના સ્વર્ગસ્થ હેમુ ગઢવીને શ્રદ્ધાંજલિ રૂપે લખેલ છંદ સાથે આપણે અટકીશું.

''કોઈ દુઃખી પિયરની દિકરી
બહુ દુર દેશાવર હશે
સંતાપ સાસરવાસના
જે જીવનભર સહેતી હશે
કવળા સસુરમાં જીવવાની
રેકડું જે દિ વાગશે
એ વખત આ ગુજરાતને
હા યાદ હેમુ આવશે''

- મહેન્દ્ર ત્રિવેદી
પૂર્વ સાંસ્કૃતિક મંત્રી

### સ્વ. હેમુ ગઢવીને....

વરસો થયા વિદાયના; તોય હાજરાહજુર છે,
કામણ પાથર્યા કંઠના; યાદ આવે જરૂર છે!
સંગીત મઢેલી સંધ્યા વચ્ચે; નામ તમારું મ્હેકે,
માનવતાના અય પુજારી! યાદો પણ ભરપૂર છે!
કુદરતે પણ છુટ્ટા હાથે; સંપદા સાચી આપી અને-
પ્રસાદ સ્વરૂપે વહેંચવામાં; લાગણી પણ ભરપૂર છે!
હેમુ! તમારું આયખું ટૂંકું, આંબી ગયું આકાશને,
ચોતરફ વિસ્તર્યાનો; આ પુરાવો મશહૂર છે!
સાહિત્ય કે સંગીતના; મેળાવડામાં શબ્દ સ્વરૂપે,
'શરમાળ' પણ બોલી ઉઠે; હેમુ ગઢવી મશહૂર છે!

-જગદીશ ગોર 'શરમાળ'

## ટાટ-ટેટ પરીક્ષા - મારણહાર કે તારણહાર?

**અદબ પલાઠી મોં પર આંગળી**
**- ડૉ. સંતોષ દેવકર**

તા. ૩ ઓગસ્ટની ટેટની પરીક્ષા બાદ મોટાભાગના મુખ્ય છાપાઓમાં અને ટીવી મીડીયામાં આ પરીક્ષામાં ચાલતી ગેરરીતી બાબતે સમાચાર પ્રસિધ્ધ થયા હતા. પરીક્ષા ચાલુ થયાને માત્ર પાંચ કે દસ મિનિટ બાદ આખુ પ્રશ્નપત્ર માર્કેટમાં ફરતુ મળ્યું હતું. વાલીઓએ મિડીયા સમક્ષ રોષ ઠાલવ્યો હતો. અને આવી ફારસરૂપ પરીક્ષાઓ બંધ કરવી જોઈએ તેવી માંગ કરી હતી. સરકારના કહેવા મુજબ શિક્ષક બનવા માટે ટેટ, ટાટ ની પરીક્ષા આપવી ફરજીયાત છે.

ટાટ અને ટેટ પરીક્ષા ભલે નવી હોય પરંતુ તેનું સંચાલન રાજય પરીક્ષા બોર્ડ કરે છે. રાજય પરીક્ષા બોર્ડ તેના છબરડાઓ માટે પહેલેથી જ જાણીતું છે. હશે, જે હોય તે પરંતુ રાજય પરીક્ષા બોર્ડનો વહીવટ સદંતર ખાડે ગયેલો છે. એવી તેની પાછલા વર્ષોની કામગીરી ઉપરથી કહી શકાય ! મીડિયાએ આ વાતની પણ નોંધ લીધેલી.

રા.પ. બોર્ડના અધિકારીઓએ કશુ ગુમાવવાનું નથી. તેમને આ તબકકે કોઈ નુકશાન નથી. પરંતુ જે વિદ્યાર્થીઓ પરીક્ષા આપે છે તેમના ભવિષ્ય સાથે ચેડા થાય છે. એમના ભાવિ કેરિયર સાથે પ્રશ્નાર્થ મૂકાઈ જાય છે. આ વાત રા.પ.બોર્ડના અધિકારોઓને કોણ સમજાવશે ? તેમને કોણ કહેશે કે પરીક્ષા આપતો વિદ્યાર્થી એ ભારતનું ભવિષ્ય અને ઘડવૈયાઓ તૈયાર કરનારો શિક્ષક છે. તેને યોગ્ય ન્યાય મળવો જોઈએ. રાપબોર્ડના વહીવટ અંગે પૂછો ગુજરાતની પીટીસી કોલેજના કોઈપણ સંચાલકને ? ત્રાહિમામ્.... ત્રાહિમામ્.....

હવે વાત કરીએ મેરીટની.બી.એ., બી.એડ્. ના પચાસ ટકા અને ટાટની પરીક્ષાના પચાસ ટકા ગણી જે મેરીટ બને તે નોકરી મેળવવા માટે ગણતરીમાં લેવામાં આવે છે. પીટીસીના ચાલીસ ટકા અને ટેટના સાહીઠ ટકા નું મેરીટ નોકરી માટે ગણતરીમાં લેવામાં આવે છે. સરકારે વખતો વખત જાહેર કરેલા પરિપત્રો મુજબ દર પરીક્ષાએ અને દર વર્ષે આ મેરીટ ગણવાની પધ્ધતિમાં ફેરફાર થતો રહે છે. એટલું જ નહિ હજી આજે પણ મેરીટ ગણવા માટેની કોઈ કાયમી પધ્ધતિ કે રીત વિકસાવી નથી. પરિણામે વિદ્યાર્થીઓને અન્યાય થતા તેને કોર્ટના દ્વાર ખખડાવવા પડે છે. અપરિપકવતા અને અસ્પષ્ટતાને કારણે પ્રત્યેક પરીક્ષા પછી અને ભરતી પછી કોર્ટ મેટર બનતી હોય છે.

ઓ.એમ.આર. સીસ્ટમ સારી છે. જવાબ આપવામાં અને તપાસવા માટે ખૂબ જ સરળ છે. લાંબુ લખાણ લખવાનું ન હોવાથી વિદ્યાર્થીઓને પણ અનૂકુળ આવે છે. વિકલ્પ આપેલ હોવાથી ઉત્તર ન આવડતો હોવા છતાં સત્યની નજીકનો ઉત્તર કલ્પના કરીને આપી શકાય છે. દરેક વસ્તુની બે બાજુ હોય છે. તેમ આ પરીક્ષાની બીજી બાજુ પણ છે. જેમાં હનુમાનજી અને માતાજીના નામ સાથે વિકલ્પ પસંદ કરનારા બ્યાસી માર્કસ લઈ આવી ને ગામડામાં નોકરી કરતાં હોય તેવા અનેક દાખલાઓ છે. વૈકલ્પિક પ્રશ્નપત્રમાં કોઈ એક વ્યકિત સાચા જવાબો સમગ્ર કલાસની વચ્ચે બોલી જાય તો પણ ચાર મિનીટથી વધુ સમય થતો નથી. એટલે કે પરીક્ષામાં ગેરરીતી માટે વિશ્વાસપાત્ર કહી શકાય તેવી પરીક્ષા !!! (કે ફારસ?)

ટેટ , ટાટની પરીક્ષા બાદ તેની કી નેટ પર મુકવામાં આવે છે. જેથી સાચો જવાબ જાણી વિદ્યાર્થી પોતાનું મૂલ્યાંકન કરી શકે. છબરડાઓની તો પરાકાષ્ઠા ત્યારે આવે છે કે જયારે રા.પ.બોર્ડ દ્વારા મૂકવામાં આવેલ આન્સરકીમાં ખોટા જવાબો હોય છે !! પછી કેટલાક જાગૃત વિદ્યાર્થીઓ દ્વારા રૂબરૂમાં જાણ કરવામાં આવે અને સાચો જવાબ સાબિતી અને સંદર્ભ સાથે બતાવવામાં આવે ત્યારે ભૂલ સુધારવામાં આવે છે. છે ને આશ્ચર્ય! બોર્ડે કરેલી ભૂલ એ ખરેખર ભૂલ છે તે બતાવવા જુદા જુદા સંદર્ભ પુસ્તકો લઈ જવા પડે છે, સત્ય સાબિત કરવા હા.. હા.. હા..!

શિક્ષકોની ભરતી કરવાની હશે ત્યારે કરાશે ને થશે પરંતુ લાખો વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસે છે તેના કરોડો રૂપિયા સરકાર ઉસેટી લે છે. આવી પરીક્ષાઓ કરોડો રૂપિયા ભેગા કરવા માટે તો નથી ને? વાતની મજા તો ત્યારે આવે છે કે પરીક્ષા પાસ થયા બાદ નોકરી મેળવવા જયારે ઉમેદવાર જાય છે ત્યારે જાતજાતના ને ભાતભાતના નિયમો તેની આગળ મૂકવામાં આવે છે. કાં ઉમંરમાં નિકળી જાય કાં પછી મેરીટમાં? મીયાં ઠેર ના ઠેર.

ટેટ ટાટ પરીક્ષાનું ચોકકસ માળખુ નકકી થવું જોઈએ. પરીક્ષા પૂર્વે જ નિયમો અગાઉથી ઉમેદવારને જણાવવા પડે. ઓન લાઈન તો ઠીક મારા ભાઈ, પરંતુ બુકલેટ સ્વરૂપે .. આ કામ પાર પાડવું પડે. શિક્ષણખાતાના તજજ્ઞોને આ કાર્ય માટે જોડવા પડે. પરીક્ષાર્થીના મનની મૂંઝવણો અને પ્રશ્નોની સ્પષ્ટતા કરવી એ કોઈપણ પરીક્ષા લેનાર બોર્ડની જવાબદારી છે. માર્ગદર્શક અને પરામર્શક ટીમ તૈયાર કરવી પડે. ચોકકસ ધોરણોને લઈને પ્રશ્નપત્રની બ્લ્યુપ્રિન્ટ તૈયાર કરવી પડે અને માર્કસનું વેઈટેજ મુજબ જ પ્રશ્નપત્ર નિકળે તેની કાળજી રાખવી પડે.

હેલ્પલાઈન નંબરમાં પરીક્ષાર્થીના તમામ પ્રશ્નોના જવાબ મળે તેવી વ્યવસ્થા ગોઠવવી અત્યંત જરુરી છે. જરૂર પડે પરીક્ષાનું સ્વરૂપ બદલવું પરીક્ષાને લગતી મૂંઝવતી સમસ્યાનું સમાધાન મળવું જોઈએ. માત્ર ગતિશીલ બોલવા માત્રથી કે લખવા માત્રથી બધુ ગતિશીલ થઈ જતુ નથી.

પરીક્ષા લેનાર બોર્ડે વિદ્યાર્થીઓનુ હિત જોવું જોઈએ. અને એ રીતે પરીક્ષા ગોઠવવી જોઈએ. આજે દરેક વિદ્યાર્થીને પરીક્ષા બોર્ડ વિલન હોય તેમ લાગે છે. એકસો પચાસ માર્કસના પ્રશ્નપત્રમાં પાસ થયેથી વિદ્યાર્થી ઉતમ શિક્ષક બની જશે આ ધારણા કેટલી સાચી છે. એ તો સમય જ બતાવશે. યુનિવર્સિટીમાંથી લીધેલ સ્નાતકની કે અનુસ્નાતકની ડીગ્રી અને તાલીમી સ્નાતકની ડીગ્રી સામે ટેટ ટાટની પરીક્ષા ચેલેન્જ બને છે? એમ.એ., બી.એડ. એ અપૂરતો કે અધૂરો શિક્ષક છે એમ સાબિત થાય છે. તે ટેટ ટાટ આપે, તેમાં પાસ થાય પછીજ તે પૂર્ણ શિક્ષક બની શકે. શું વિદ્યાર્થીઓના હિતમાં બોર્ડ ફોર્મ ભરવાથી માંડીને સમગ્ર પરીક્ષા પધ્ધતિમાં ફેરફાર કરવાની દાનત ધરાવે છે ખરું? સુના હૈ દીવારો કે કાન હોતે હૈ, યહાં તો કાન કો દીવાર હૈ...

મિસરી :

એક પ્રયોગ પ્રાથમિક શાળામાં ધોરણ-૫
પાંચમાં ધોરણના વિદ્યાર્થીને ટેટ-૧ નું પેપર
અમસ્તુ આપવામાં આવતાં
ગેસીંગ કરીને તે વિદ્યાર્થી ૮૦ પ્રશ્નોના
સાચા જવાબો આપી શકયો!

(એસ.એમ.એસ : મ.શિ. આનલબેન ઉપાધ્યાય, નાથાવાસ, મેઘરજ)